PG CL **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ** PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/કવા–૦૪/૧૮–૧૯/ 2442-13 તા 30-3-19

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
શૈલેષ કે મહેતા,
સાકેત --- M-૪૧-- નીલકંઠ પાર્ક ,
જુનુ આનંદ નગર સામે,
સ્કૂલ નંબર 63 ની બાજુમાં,
બાપા સીતારામ પાન વાળો રસ્તો
રાજકોટ - Pincode -360002
મો:99251 24442

વિષય :–લોક નું બિલ આપવા વારંવાર બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૦૧–૧૯ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૮/કવા–૦૪/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, સોરઠીયાવાડી પેટા વીભાગીય કચેરી,રાજકોટ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૨૮/ક્વા–૦૪/૧૮–૧૯/** 2442-13 **તા.** 30-3-19

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૮/ક્વા–૦૪/૧૮–૧૯

અરજદાર: શૈલેષભાઈ કે મહેતા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ
તારીખ: 30/03/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. 30/03/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શૈલેષ કે મહેતા, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૨૮/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓની માલીકી ની ફલોર મીલ – અલગ – અલગ વિસ્તાર મા આવેલ છે, સદર બાબતે – રાજકોટ ફલોર મીલ સંઘ નો વર્ષો થી નિયમ છે કે – દર બુધવારે ઘંટી બંધ રાખવી, જેની જાણકારી પીજીવીસીએલ મા પણ કરેલ હોવા છતા – ઘંટી બંધ હોય ત્યારેજ પીજીવીસીએલ દ્રારા બીલ બનાવાય છે. જેથી, દર વખતે બીલ સુધારવા – તેમજ બીલ ના રીડીગ ની નોંધણી બાબતે ધ્યાન રાખવુ પડે છે. તેમજ દરેક ઘંટી નો સમય સવારે ૯:૦૦ થી ૧૨: 30 અને સાંજે 3.30 થી રાત્રે ૮.30 સુધીનુ હોય છે. સદર બાબતે ફરીથી બુધવારે લોક ના બીલ ન બનાવવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજુઆત પેરા નં. – ૨.૦ અન્વયે – શહેર વિભાગીય કચેરી નં.–૧ – રાજકોટ ના પત્ર તા.૧૩–૦૨–૧૯ મુજબ – રજુ કરેલ સમાધાન પત્ર તા.૧૨–૦૨–૧૯ અન્વયે – અરજદાર ની રજુઆત મુજબ – તમામ વીજ જોડાણ ના રૂટકોડ બદલાવીને ઔદ્યોગીક વિસ્તાર ની બીલ બુક મા કરી આપી દીધેલ છે. તેમજ મીટર રીડીંગ એજન્સી ને જરૂરી સુચના આપેલ છે.

૩.૧ આમ, અરજદારની સદર ફરિયાદનું સામેવાળા દ્વારા સંતોષકારક નિરાકરણ કરાયેલ છે. જે બાબતે અરજદારે સમાધાનપત્ર(પુરશીશ) માં તા. ૧૨-૦૨-૧૯ ના રોજ સહી કરી આપેલ છે.

## .:: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ અને ૩.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા. ૧૨-૦૨-૧૯ થી રજૂ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ

(એન. ડી. ધામેલીયા)
ટેકનીકલ સભ્ય
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ

(જે. બી. પારેખ)
કા.વા.ચેરપર્સન
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ